## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**સાહેબ... પાંચ રૂપિયા આપી જ દો.. કશો ફેર નથી પડ્યો... પહેલા વાઈફાઈનાં પૈસા આપતાં હતા અને શૌચાલય ફ્રી હતાં, અત્યારે ફ્રી વાઈફાઈ આપે છે અને શૌચાલયનાં ચાર્જ છે...**

# ગાંધીનગર સહિત રાજ્યના પાંચ જિલ્લાનો જળ શક્તિ અભિયાનમાં સમાવેશ

ભારત સરકાર દ્વારા દેશના વિવિધ વિસ્તારોમાં જળ શક્તિ અભિયાન શરૂ કરવામાં આવનાર છે. જે અંતર્ગત ગુજરાત રાજ્યના ગાંધીનગર જિલ્લા સહિત પાંચ જિલ્લામાં આ જળ શક્તિ અભિયાન યોજાનાર છે. જળ શક્તિ અભિયાન તા. ૦૧ જુલાઈ, ૨૦૧૯થી જિલ્લામાં આરંભ થશે, તેવું ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાએ જળ શકિત અભિયાનના સુચારું આયોજન અર્થે મળેલી બેઠકમાં જણાવ્યું હતું.

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાએ વધુમાં જણાવ્યું હતું કે, સમગ્ર દેશના કુલ – ૨૫૭ જિલ્લાઓમાં આ અભિયાન યોજાનાર છે. જેમાં ૨૩ જિલ્લાઓને આ અભિયાનની ખૂબ જ જરૂરિયાત છે. ભારત સરકાર દ્વારા ૨૫૭ જિલ્લાઓને ૧૫૯૨ બ્લોકસમાં વહેંચી નાખવામાં આવ્યા છે. ભારત સરકાર દ્વારા ગુજરાત રાજયના કચ્છ, મહેસાણા, પાટણ, બનાસકાંઠા અને ગાંધીનગર જિલ્લાની પસંદગી આ અભિયાન માટે કરવામાં આવી છે. રાજયના પાંચ જિલ્લાને આ અભિયાન માટે ૩૦ બ્લોક્સમાં વહેંચી નાખવામાં આવ્યા છે. આ અભિયાન ૩૦ સપ્ટેમ્બર સુધી ચાલશે.

વધુમાં કલેકટર શ્રી એસ.કે.લાંગાએ જણાવ્યું હતું કે, આ અભિયાન થકી જળ સંરક્ષણ અને જળ સંચયનું કામ કરવાનું છે. જળસંચય માટેની જાગૃતિ લાવવા માટે વિવિધ ગામોમાં જન જાગૃતિના કામો કરવાની વાત પર ભાર મુક્યો હતો. તે ઉપરાંત જળ સંચયનું કામ સુચારું રીતે કરવા માટે ઉપસ્થિત અધિકારીઓને વોટર બેજેટીંગ કરવાનો એક ઉમદા વિચાર આપીને વોટર બેજેટીંગ થકી થતાં ફાયદાની દષ્ટાંત પૂર્વક વાત કરી હતી. સંબંધિત અધિકારીઓને જળ શકિત અભિયાન માટેનું જરૂરી જળ સંચય અને સંરક્ષણનું પ્લાનીંગ રજૂ કરવા પણ જણાવ્યું હતું.

જળ શક્તિ અભિયાન થકી ભૂગર્ભ જળ સમતળ થાય તેવા સ્થળોની પસંદગી કરી અને તંત્રએ અલગથી તારવવાના રહેશે. વરસાદી પાણીનો સંગ્રહ વધુમાં વધુ થાય તે માટે તળાવો ઉંડા કરવા ઉપરાંત ચેકડેમોનું નિર્માણ કરવું જેવા વિવિધ કાર્યક્રમો પણ હાથ ધરાશે. તળાવો અને નદી કિનારે ખાસ વૃક્ષારોપણના કાર્યક્રમો કરવા અને વધુ વૃક્ષોનું વાવેતર થાય તેના પર પણ ભાર આ અભિયાન થકી મુકવામાં આવ્યો છે. શહેરી કક્ષાએ પણ વરસાદી પાણીના સંગ્રહ અને પુનઃ વપરાશમાં લઈ શકાય તે અંગે પણ ભાર મુકવામાં આવશે.






**ચિલોડા પંથકના ખેડૂતો દ્વારા ખરીફ પાક તરીકે મગફળીના વાવેતરમાં વ્યસ્ત**

ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારના મુખ્યત્વે ચિલોડા, મગોડી, ઈસનપુરમોટા, શિવપુરાકંપા, મગોડી લાટ-દહેગામ તાલુકાના નાંદોલ જેવા ગામોમાં ખરીફપાક તરીકે મગફળી પાકની વધુ વાવણીની પસંદગી કરતા વાવણીની શરૂઆત આરંભાઈ દીધી છે. ખેડૂતોને મગફળીના મણ દીઠ ૧૦૦૦ રૂપિયા ટેકાના ભાવો મગફળીનું વાવેતરમાં સારૂ ઉત્પાદન-ભાવો મળવા સાથે વધુ વાવણી કરવા મશગુલ બન્યા છે. મગોડી ગામે વિક્રમજનક મગફળીની વાવણી થયાની શક્યતા પૂર્વ સરપંચ ગોવિંદભાઈ પટેલે જણાવ્યું છે.

# રવિવારે સાંજે સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે વૈદિક વ્યાખ્યાન માળા યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના વૈદિક પરિવાર દ્વારા તા. ૩૦મી જુન રવિવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે ચ-૫ સર્કલ નજીક સેક્ટર-૧૭માં સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે વૈદિક વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વ્યાખ્યાનમાળામાં ગાંધીનગર ખાતે વર્ષોથી દર્શનશાસ્ત્રોના અધ્યયન-અધ્યાપનનું કાર્ય કરતા દાર્શનિક વિદ્વાન અવધેશ પ્રસાદ પાંડેય દ્વારા વર્ગોમાં આવતા પરિવારોને પણ આધ્યાત્મિક જ્ઞાનનો લાભ મળે તે હેતુથી વ્યવહાર કુશળતા દ્વારા માનસિક પ્રસન્નતા વિષય પર વરક્તવ્ય આપવામાં આવશે. આ ઉપરાંત કાર્યક્રમમાં દાર્શનિક પ્રવકતા અરવિંદભાઈ રાણા સન ગેઝીંગ વિષય તથા તેની વૈજ્ઞાનિક પદ્ધતિ પર વક્તવ્ય આપશે.

જે માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય પ્રદાન કરવામાં સૂર્યના કિરણોની ભૂમિકા સવિસ્તર સમજાવશે. આ કાર્યક્રમ નિઃશુલ્ક છે પરંતુ ભાગ લેવા માટે નોંધણી કરાવવી આવશ્યક છે જે માટે મહેન્દ્ર ગાંધીનો મો. નં. ૯૯૨૪૭ ૫૧૧૯૧ અથવા ગમન પટેલનો મો. નં. ૯૯૨૪૭૫૧૧૯૧ પર સંપર્ક સાધી શકાશે. કાર્યક્રમના સમાપને સ્વરૂચિ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે.

# દેલવાડા ગામે ૯૫૦થી વધુ વૃક્ષોનું વાવેતર કરાયું

**ગામના તળાવો, હાઈસ્કૂલ, આંગણવાડી વગેરેની આસપાસ તથા રસ્તાઓની બંને તરફે વૃક્ષારોપણ કરાયું : પર્યાવરણના જતન માટેનો ગ્રામજનોનો પ્રસંશનીય પ્રયાસ**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના દેલવાડા ખાતે ગ્રામજનો તથા જાયન્ટ્સ ગૃપના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ગામના પાંચ તળાવો, ગામના રોડની બંને બાજુએ, હાઈસ્કૂલના સંકુલ ફરતે તથા આંગણવાડી સંકુલ ફરતે વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અંદાજે ૯૫૦થી વધુ વિવિધ વૃક્ષોના રોપાનું વાવેતર કરવામાં આવ્યું છે.

ગ્લોબલ વોર્મિંગની માઠી અસરોના અનુભવ થતા હવે શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ વધતી જાય છે. શહેરોમાં તો વૃક્ષારોપણ માટે ખૂબ ઓછી જગ્યા વધી છે પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં હજુ પણ સારા વૃક્ષોના ઉછેર માટે પુરતી મોકળાશ ઉપલબ્ધ છે.

આ સ્થિતિને ધ્યાનમાં રાખીને ગાંધીનગરના જાયન્ટસ ગૃપ દ્વારા દેલવાડા ગામે ગ્રામજનોની મદદથી અનોખો વૃક્ષારોપણ કાર્યક્રમ હાથ ધર્યો હતો જે અંતર્ગત ગામમાં ૯૫૦થી વધુ વૃક્ષોના રોપા જેમાં પીપળો, સપ્તપર્ણી, બોરસલ્લી, પેન્ડ્યુલા, જાંબુડા, કણજી વગેરેનું વાવેતર કર્યુ હતુ. આ કાર્ય માટે જેસીબી મશીન ઉપરાંત ૧૦ મજૂરો તથા પાણીની ટેન્કરનો ઉપયોગ કરાયો હતો તેમજ ૧૦૦ રોપાઓને તો ટ્રી ગાર્ડની સુરક્ષા પણ અપાઈ હતી. દેલવાડા ગામના પર્યાવરણપ્રેમી ગ્રામજનોએ આ કાર્યમાં તન-મન-ધનથી સામેલ થઈ ગામને પર્યાવરણ જતન બાબતે મોડેલ ગામ બનાવવા પ્રયાસ હાથ ધર્યો છે જે પ્રસંશનીય છે અને જે અન્ય ગામોને પણ પ્રેરણારૂપ સાબિત થશે.






# મહાત્મા ગાંધીજીના વિચાર-દર્શનથી આપણી નવી પેઢી સુપરિચિત બને તેવા પ્રયાસો પર ભાર મુકતા રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૨૮

મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતીના વર્ષની ઉજવણીના ભાગરૂપે ગઈકાલે રાજભવન ખાતે અમદાવાદ ફાઉન્ડેશન દ્વારા આયોજિત ગાંધીજી : અમદાવાદના આંગણે "ગ્રંથ વિમોચન અને 'સાબરમતી કે સંત" દસ્તાવેજી ફિલ્મ શો નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સંબોધન કરતા ગુજરાતના રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું હતું કે મહાત્મા ગાંધીજીના વિચાર-દર્શનથી આપણી આજની યુવા પેઢી સુપરિચિત બને તે માટે ગાંધી વિચારધારાને વરેલા ગાંધીજનો-ચિંતકોએ પ્રયાસો કરવા જોઈએ. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ વર્ષની ઉજવણીને અનુલક્ષીને સમગ્ર રાષ્ટ્રમાં અને વિદેશોમાં અનેક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે અને ગાંધીજીના વિચારો અને તેમના જીવનના સિદ્ધાંતોની આજના સમય જે પ્રાસંગિતા છે તેની ઉપર પરિચર્ચાઓ-પરિસંવાદો યોજાઈ રહ્યા છે. આવા કાર્યક્રમોમાં યુવાનોને પણ જોડવા જોઈએ. ગાંધીજીના પ્રિય એવા રચનાત્મક કાર્યોની આજના સમયમાં એટલી જ પ્રાસંગિકતા છે જેટલી તેમના સમયમાં હતી. ગાંધીજીના જીવન દર્શનને સમગ્રતામાં જોવું જોઈએ, તેમની સર્વસમાવેશી ભાવના તેમાં નિહિત હતી, જેની આજે પણ આવશ્યકતા છે.

'ગાંધીજી અમદાવાદના આંગણે' ગ્રંથના લેખક અને 'સાબરમતી કે સંત' દસ્તાવેજી ચિત્રના નિર્માતા, ડૉ. માણેક પટેલના પ્રયાસોને તેમણે બિરદાવ્યા હતા. આ પ્રસંગે ડૉ. માણેક પટેલ તેમના પુસ્તક અને દસ્તાવેજી ચિત્રના નિર્માણ કાર્યોની વિસ્તૃત માહિતી રજૂ કરી હતી. ડૉ. રાજેન્દ્ર ખીમાણી, સાહિત્યકાર મનસુખ સલ્લા પત્રકાર, ડૉ. ધિમંત પુરોહિતે પણ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

રાજ્યપાલશ્રીએ સંસ્થા દ્વારા તૈયાર કરાયેલ 'સાબરમતી કે સંત' દસ્તાવેજી ફિલ્મ નિહાળી હતી. આ કાર્યક્રમમાં ગાંધીજનો, પ્રબુદ્ધજનો, સાહિત્યકારો, અગ્રણી નાગરિકો તથા સંસ્થાના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.



# રવિવારે કુડાસણમાં "મેરી આવાઝ સુનો" કરાઓકે ક્લબના ઓડિશન

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર તથા અમદાવાદના અનુભવી અથવા બિન અનુભવી ગાયકો માટે શ્રી મનોરંજન મ્યુઝિકલ ક્લબ દ્વારા આયોજિત "મેરી આવાઝ સુનો" કરાઓકે ક્લબમાં તેમના પોતાના અવાજમાં કરાઓકે ટ્રેક શૉ દ્વારા ગીતોની પ્રસ્તુતિ કરવા પ્લેટફોર્મ આપવામાં આવે છે. આ માટે એક જાહેર ઓડિશન કાર્યક્રમ તા. ૩૦મી જુન રવિવારે બપોરે ૧૨.૩૦ થી ૩ કલાક સુધી જ આયોજિત કરવામાં આવ્યો છે. જેમાં ભાગ લેવા માટે ગીત ગાવાના શોખીનોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ ઓડિશન ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં મારૂતિ નેક્શા શૉ રૂમની બાજુમાં સનરાઈઝ આર્કેડ કોમ્પલેક્ષ ખાતે પહેલા માળે શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો ખાતે યોજાશે. વધુ વિગત માટે શ્રવણ પરમાર મો. નં. ૯૪૨૭૩૧૮૦૭૩ અથવા ભરત વાણિયા મો. નં. ૯૨૦૦૯ ૨૧૭૬૬ પર સંપર્ક સાધી શકાશે.

# હવે દક્ષિણ ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ

અમદાવાદ,તા.૨૮

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવ્યા બાદ તંત્ર સાબદુ થઈ ગયું છે. એનડીઆરએફની ૧૫થી વધુ ટીમોને સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. બચાવ અને રાહત ટુકડીઓ પણ તૈયાર રાખવામાં આવી છે. મુંબઈમાં ભારે વરસાદ પડ્યા બાદ હવે ગુજરાતમાં પણ દક્ષિણ પશ્ચિમ મોનસુન વધુ ઝડપથી આગળ વધી રહ્યું છે. ગુજરાતના વધુ ભાગોમાં દક્ષિણ પશ્ચિમ મોનસુને એન્ટ્રી કરી લીધી છે. દ્વારકા, અમદાવાદ, ભાપોલ, જબલપુર, સુલ્તાનપુર, લખીમપુરખેરી, મુક્તેશ્વર મારફતે મોનસુનની નોર્મલ મર્યાદા આગળ વધી ચુકી છે. ગુજરાતના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ પડ્યો છે જેમાં ભરુચ, સુરત, પંચમહાલનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ જુદા જુદા ભાગોમાં વરસાદ પડ્યો છે. અતિભારે વરસાદની આગાહી હોવાથી માછીમારોને દરિયામાં ન જવા માટે કહેવામાં આવ્યું છે. વલસાડ, નવસારી, તાપી, ડાંગ, સુરત, નર્મદા, ભરુચ, છોટાઉદેપુર, વડોદરા, પંચમહાલમાં ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે.



**બીએસએફના જવાનોને ફિઝિયોથેરેપીની તાલીમ અપાઈ**

ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝિયોથેરેપી ખાતે બીએસએફના જવાનો માટે ત્રણ માસનો હેલ્થ એન્ડ ફિટનેસ કોર્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોર્સના સમાપને જવાનોને સર્ટિફિકેટ અર્પણ સમારોહ યોજાયો હતો. આ તાલીમ કોર્સનો મુખ્ય ઉદ્દેશ સીમા સુરક્ષા માટે સરહદ પર તૈનાત જવાનોને હેલ્થ તથા ફિટનેસનું પ્રાથમિક જ્ઞાન પ્રાપ્ત થાય તે માટેનો હતો.

# બુધવારે રૉટરી ક્લબ ઓફ કેપિટલનો શપથવિધિ સમારોહ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરની રૉટરી ક્લબ ઓફ કેપિટલનના વર્ષ ૨૦૧૯-૨૦ માટે નવા હોદ્દેદારોનો શપથવિધિ સમારોહ તા. ૩જી જુલાઈ બુધવારે સાંજે ૬ કલાકે કુડાસણ-પોર રોડ પર પેટ્રોલ પંપ પાસેની હોટેલ કંસાર ખાતે યોજાશે.



આ શપથવિધિ સમારોહમાં મુખ્ય મહેમાન પદે પૂર્વ ગૃહ રાજયમંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી તથા અતિથિ વિશેષપદે 'હુડકો'ના સ્વતંત્ર ડાયરેક્ટર તથા રોટલી ક્લબ ઓફ કેપિટલના પૂર્વ પ્રમુખ ડૉ. એસ.કે. નંદા ઉપસ્થિત રહેશે. શપથવિધિ સમારોહમાં ઈન્ડક્શન ઓફિસર પદે રોટરી ક્લબના આસીસ્ટન્ટ ડિસ્ટ્રિક્ટ ગર્વનર ઉર્મિલ વેદની ઉપસ્થિતિમાં પૂર્વ ડિસ્ટ્રિક્ટ ગર્વનર ડૉ. અરૂણ પરીખ વર્ષ ૨૦૧૯-૨૦ના હોદ્દેદારોને શપથ લેવડાવશે.



**ઈન્ફોસિટી શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો**

ઈન્ફોસિટી શાળામાં વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ૧૫૦ જેટલા વૃક્ષો રોપવામાં આવ્યા હતા. શિક્ષકો દ્વારા બાળકોને વૃક્ષોનુ મહત્વ અને સંરક્ષણ વિશે જણાવાયુ હતુ. વિદ્યાર્થીઓ સાથે શાળાના મેનેજીંગ ટ્રસ્ટી દલસાણીયા સર, પ્રમુખ વૈષ્ણવ સર તેમજ સ્ટાફ શિક્ષક મિત્રોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્ય પ્રવિણા મેડમ અને સુપરવાઈઝર દિપ્તી મેડમ દ્વારા કરાયું હતું.

# કડી કેમ્પસની વિદ્યાર્થીનીઓ દ્વારા અદાણી મુંદ્રા પોર્ટની મુલાકાત કરાઈ

ગાંધીનગર, તા. ૨૮

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર.જી. પટેલ કન્યા મા. શાળા અને એસ. પટેલ ઉચ્ચત્તર માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓ તથા શિક્ષકોએ અદાણી મુદ્રા પોર્ટની બે દિવસીય મુલાકાત લીધી હતી.

હાલમાં કડી કેમ્પસની વિદ્યાર્થીનીઓ અને શિક્ષકો દ્વારા અદાણી મુદ્રા પોર્ટની મુલાકાત લેવામાં આવી હતી. બે દિવસીય મુલાકાત શાળાની કુલ ૭૬ વિદ્યાર્થીનીઓ અને ૪ શિક્ષકો દ્વારા અદાણી પોર્ટ એન્ડ સેજ, અદાણી વિલમાટ લીમી, શાંતિનાથ મહાદેવ મંદિર, અદાણી પાવર લીમીટેડ અને વેસ્ટ પોર્ટની મુલાકાત લેવામાં આવી હતી. આ ઉપરાંત અદાણી કંપની દ્વારા જંગલમાં મંગલ કરી એક ભારત સરકારની પ્રોજેક્ટ ઉડાન ટુ મુદ્રાની સ્થાપના કરાઈ છે. તેની મુલાકાતમાં શાળાના આચાર્ય રમેશભાઈ જી. પટેલ, કમલેશભાઈ શર્મા, જ્યોત્સનાબેન પટેલ અને હેમાલીબેન બ્રહ્મભટ્ટ જોડાયા હતા. શાળા દ્વારા જુન માસમાં કુલ ૨૨૮ વિદ્યાર્થીઓને આમ શૈક્ષણિક મુલાકાત કરવામાં આવી છે.



# શ્રેષ્ઠ શિક્ષક પસંદગી પ્રક્રિયા માટેના માપદંડમાં ફેરફારો

૫મી સપ્ટેમ્બર 'શિક્ષક દિન' નિમિત્તે રાજ્યનાં શ્રેષ્ઠ શિક્ષક તરીકેના એવોર્ડ રાજય સરકાર તરફથી આપવામાં આવે છે ત્યારરે રાજયના 'શ્રેષ્ઠ શિક્ષક' તરીકે પસંદગી કરવાના હાલના માપદંડમાં મહત્વના ફેરફાર શિક્ષણ વિભાગે કર્યા છે. રાજ્યની સરકારી, બિનસરકારી અનુદાનિત પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોનો પોતાના કાર્યમાં જોમ અને જૂસ્સો વધે અને તેઓ પ્રોત્સાહિત થાય તેવા ઉમદા હેતુ સાથે શિક્ષણ વિભાગે કેટલાક મહત્વના ફેરફાર કર્યા છે. આ ફેરફાર મુજબ શ્રેષ્ઠ શિક્ષકની પસંદગી કરવા શિક્ષક પોતે તો દરખાસ્તદ કરી જ શકશે ઉપરાંત સમાજની વ્યક્તિઓ, વાલીઓ, શાળાના વિદ્યાર્થીઓ, આચાર્યો, શાળાના સંચાલકો, સંઘના પ્રતિનિધિઓ, શાળાના અન્યજ કર્મચારીઓ, સી.આર.સી., બી.આર.સી., કેળવણી નિરીક્ષક, શિક્ષણ નિરીક્ષક, જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, તાલીમ ભવનના આચાર્ય, તેમ જ તેના અધ્યાપકઓ વગેરે શ્રેષ્ઠ શિક્ષકના એવાર્ડ માટે આધારભૂત કારણો દર્શાવીને સંબંધિત શિક્ષકની શ્રેષ્ઠ શિક્ષક માટે ભલામણ કરી શકશે. આમ, શ્રેષ્ઠ શિક્ષકની પસંદગીની પ્રક્રિયામાં શિક્ષણ વિભાગે નવો અભિગમ દાખવ્યો છે. શ્રેષ્ઠ શિક્ષકની પસદંગીની પ્રક્રિયામાં શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો એવોર્ડ હાલમાં તાલુકા, જિલ્લા કક્ષાએ અને રાજય કક્ષાએ ૧૫ વર્ષના અનુભવને ધ્યાનમાં રાખીને આપવાનો થાય છે.

**વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન**

WASMO

**જાહેર નિવિદા નં. ૧૦ સને ૨૦૧૯-૨૦ (ત્રીજો પ્રયત્ન)**

યુનિટ મેનેજરશ્રી, જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ બીજો માળ, આદર્શ હાઈસ્કૂલની પાછળ, ડેરી રોડ, પાલનપુર દ્વારા જુદી-જુદી જળ અને સ્વચ્છતા સમિતિ વતી ઓગમેન્ટેશન ઓફ ટેપ કનેક્ટીવીટી ઈન જનરલ એન્ડ ટ્રાયબલ યોજના હેઠળ નીચે મુજબના કામો માટેના ભાવો માન્ય કોન્ટ્રાક્ટરો પાસેથી માંગવામાં આવે છે. કામની કુલ અંદાજીત રકમ કામની સામે દર્શાવેલ છે. કોરા ટેન્ડરો જળ અને સ્વચ્છતા સમિતિ પાસેથી તા. ૪/૭/૨૦૧૯ સુધીમાં જરૂરી ટેન્ડર ફી, એફ.ડી.આર., રજીસ્ટ્રેશન નકલ, રાષ્ટ્રીયકૃત બેંકનું સોલવંશી પ્રમાણપત્ર આપવાથી ઈસ્યુ કરવામાં આવશે. અને ભાવ ભરી રજી.પો.એ.ડી.થી તા. ૧૧/૭/૨૦૧૯ સુધીમાં જળ અને સ્વચ્છતા સમિતિને પરત મોકલવાના રહેશે. અને GSTના નિયમો લાગુ પડશે. કરેલ કામગીરીનું ૯૦% ચુકવણું પાણી સમિતિ દ્વારા કરવામાં આવશે. બાકી રહેલ ૧૦% રકમનું યોજના ચાલુ કર્યા બાદ ચુકવણું કરવામાં આવશે. કોઈપણ જાતનું કારણ આપ્યા વગર આવેલ ભાવો પૈકી કોઈપણ ટેન્ડર મંજુર કરવા કે બધા જ ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર ગ્રામ્ય પાણી સમિતિના અધ્યક્ષશ્રીનો રહેશે. માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com

**ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો હેલ્પલાઈન નંબર ૧૦૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.**

| અ.નં. | કામનું નામ | ૧) અંદાજીત રકમ<br>૨) ટેન્ડર ફી રૂ.<br>૩) શ્રેણી |
|---|---|---|
| ૧ | ચલાદર તાલુકો:ભાભર મુકામે ઓગમેન્ટેશન ઓફ ટેપ કનેક્ટીવીટી ઈન જનરલ એન્ડ ટ્રાયબલ યોજના હેઠળ પાઈપલાઈન અને હવાડાનું કામ | ૧) રૂ. ૨,૮૧,૩૯૬.૦૦<br>૨) રૂ. ૬૦૦.૦૦<br>૩) ઈ-૨ ક્લાસ ઉપર |

ક્રમાંક : નામાનિ/પાલન/૧૧૬/૨૦૧૯-૨૦૨૦